S. N. D. T. WOMEN'S UNIVERSITY
LIBRARY.

# ગુજરાત કલાકલાપ

## ૧

### કલાપ પહેલો

જીવનસંગીત . . . . રવિશંકર રાવળ

નવધાન્ય . . . . . રસિકલાલ પરીખ

અર્જુન-ઉર્વશી . . . . . . કનુ દેસાઈ

કલાતંતુ . . . . . સોમાલાલ શાહ

રંકની કલા . . . : છગનલાલ જાદવ

રાજકુંવરી રૂપાંદે . . . રવિશંકર રાવળ

VG 759.954311 Guj vol. 1

10680

N. T.

કિંમત બે રૂપિયા

કુમાર કાર્યાલય લિમિટેડ · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ

VG 759.954311
Guj
vol. 1
10680

S. N. D. T. WOMEN'S UNIVERSITY
LIBRARY.

THE LIBRARY

श्री नाथीबाई दामोदर ठाकरसी महिला विद्यापीठ

S. N. D. T.
WOMEN'S UNIVERSITY
BOMBAY.

S. N. D. T. WOMEN'S UNIVERSITY
LIBRARY.

# परिचयरेखा

## चित्रकारोनी अने अेमनां चित्रोनी

**શ્રી રવિશંકર રાવળ :** પિતાને રાજકોટમાં તારમાસ્તરની નોકરી હતી તે વેળા ઇ. ૧૮૯૨માં જન્મ થયો.



કળા અને કલ્પના માટે માતાને આભારી છે, સંસ્કાર અને સદાગ્રહ પિતાનો વારસો છે. ૧૯૧૦-૧૧માં ભાવનગરમાં મૅટ્રિકનું ધોરણ પસાર કરી ૧૯૧૧-૧૨માં મુંબાઈની સરકારી આર્ટ સ્કૂલમાં મિ. સેસિલ બર્ન્સ પાસે ચિત્રકળાનો અભ્યાસ કર્યો. ૧૯૧૫માં એ શાળાનો મેયો મેડલ લઇ ડિપ્લોમા લીધો. ૧૯૧૭માં મુંબાઈ આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં સર્વોત્તમ ચિત્રકૃતિ માટે સુવર્ણચંદ્રક મળ્યો. કળાની ઉત્ક્રાંતિ અને સેવા કરવાની ધગશ પ્રથમથી જ હોવા છતાં થોડાં વર્ષો ‘વીસમી સદી’ તથા બીજાં પત્રો માટેનાં આલેખનો કરી ગુજરાન ચલાવ્યું. ૧૯૨૦માં અમદાવાદમાં નિવાસ કર્યો. ૧૯૨૩માં કુમાર કાર્યાલય સ્થાપી ‘કુમાર’ માસિક દ્વારા તરુણો માટે કલા, સંસ્કાર અને સાહિત્યનો પ્રચાર આદર્યો. ૧૯૨૬માં ઔંધ નરેશના આશ્રયે અજન્તાનો એક માસ સંપર્ક સાધ્યો અને એ કલાની સીધી દીક્ષા લીધી. ગુજરાતની સંસ્કારવિશેષતામાં ફાળો આપનાર તરીકેનો ઈ. ૧૯૩૦નો રણજીતરામ સુવર્ણચન્દ્રક મળ્યો. ૧૯૩૬માં જાપાનનો પ્રવાસ કરી ત્યાંનાં કલાજીવન અને કલાશિક્ષણનું નિરીક્ષણ કર્યું અને ત્યાંના સમાજનો પ્રત્યક્ષ પરિચય મેળવ્યો. ૧૯૪૧ના ઑકટોબરમાં કલકત્તા સુધી પ્રવાસ કરી ઉત્તર હિંદનાં કલાકેન્દ્રો અને જીવંત પ્રસિદ્ધ કલાકારોને મળી કલાશિક્ષા વિષે વિચારવિનિમય કર્યો. તેમના હાથ નીચે ગુજરાતના તરુણ ચિત્રકારો ક્રમશઃ તૈયાર થતા આવ્યા છે, તેમાં કનુ દેસાઈ, કૃષ્ણલાલ ભટ્ટ, રસિકલાલ પરીખ, યજ્ઞેશ્વર શુક્લ, છગનલાલ જાદવ, જગમોહન મિસ્ત્રી, ત્રિગુણાતીત પંચોલી, ભીખુભાઇ આચાર્ય, ચન્દ્રકાન્ત ત્રિવેદી, સરિતાબેન નાણાવટી, વ્રજલાલ ત્રિવેદી, ચન્દ્રશંકર રાવળ વગેરે આગળપડતું જૂથ છે. ઈ. ૧૯૪૩માં ‘કુમાર’ કાર્યાલયને એક લિમિટેડ કંપની બનાવી નિવૃત્તિ લીધી અને દેશની વિવિધ કલાપ્રવૃત્તિઓ તથા સમિતિઓને વખતોવખત સેવા આપતા રહ્યા છે. કલાનાં કેટલાંક પ્રકાશનો પણ કર્યાં છે. દિલ્હીની ‘અખિલ ભારતીય કલાસમિતિ’ના, મુંબાઇ સરકારની કલાનિર્દેશક સમિતિ (આર્ટ ઍડવાઈઝરી બોર્ડ) ના તથા વડોદરા યુનિવર્સિટી સેનેટના આર્ટ ફૅકલ્ટી માટેના સભ્ય છે.

આ સંગ્રહમાંનું એમનું ચિત્ર **જીવનસંગીત** અજંતાની સીધી અસર નીચે આલેખેલું છતાં તેની ઊર્મિઓ મૌલિક છે. દાંપત્યનું સુંદર ફળ અપત્ય અને સંસારની અવિકારી જીવનસ્થિતિ હોય ત્યારે વિશ્વમાં એક પ્રકારનો કલ્લોલ અનુભવાય છે ને તે હૃદયના આલાપમાં પ્રકટે છે. એવી પળે ઈશ્વર અને માનવ વચ્ચે અભેદ જ લાગે છે અને પાર્થિવ સૃષ્ટિ ભુલાઈ અનેરા રંગો તથા રાગોની સુરાવટ જામે છે. પ્રિયજનોનું સાન્નિધ્ય અને જીવનપરિતૃપ્તિની આ દશા જન્માંતરોનું માનવસ્વપ્ન જ રહેવાનું.

**રાજકુંવરી રૂપાંદે** તે, એમણે ચિત્રકળાની અનેક શૈલીઓ પર હાથ અજમાવી જોવા જે પ્રયોગો કર્યા તે પૈકીનું એક એમનું બીજું ચિત્ર છે. જૂની રાજપૂત અને મુઘલ ચિત્રકળાની કેટલીક રૂઢ પદ્ધતિઓને અપનાવી પોતાનો વિષય તૈયાર કરવામાં વાર્તાનાં લક્ષણ સાથે સંગતિ બતાવી છે. પ્રમાદથી કોઇ ઇષ્ટ દેવીનું અપમાન થતાં તેના શાપથી રાજકુંવરી રૂપાંદે ચિરનિદ્રા પામી. શાપનો ભાર એવો હતો કે રાજકુંવરી જ નહિ પણ આખું શહેર નિદ્રસ્થ બની જાય. વર્ષો સુધી કોઇની નિદ્રા તૂટી નહિ ને આસપાસ જંગલ થઈ ગયું. સો વર્ષે શાપના નિર્વાણકાળે એક રાજકુંવર એ જંગલ વીંધતો આ સ્વપ્નસ્થ નગરીમાં આવ્યો અને ફરતોફરતો જઈ રાજકુંવરીના હાથને સ્પર્શ્યો કે તુરત જાગૃતિની હવા ઉત્પન્ન થઈ અને નગર પૂર્વવત્

બની ગયું. રાજકુંવરે એ કુંવરીને રાણી તરીકે સ્વીકારી અને નવું રાજશાસન ચલાવ્યું. આ વાર્તા દરેક દેશમાં જુદાજુદા રૂપે અનાદિ કાળથી જીવંત છે. તેનો અર્થ એટલો જ કે ગુપ્ત રહેલી વિદ્યાઓ પુરુષાર્થી અભ્યાસી માનવોને હાથ ચડે છે. રહસ્યોનાં જંગલો ઉકેડી કોઈ તેને સિદ્ધ કરે છે ત્યારે નવું રાજ્યશાસન મંડાય છે, નવો યુગ પ્રવર્તે છે. કથા સાદી છતાં રહસ્યમય હોવાથી ચિત્રકારને તે અમર કરવાની અભિલાષા થઈ અને ચિત્ર રચાયું. એમાં કલ્પનામય અને પૂર્વકાળનું વાતાવરણ રચવાને યોગ્ય એવી શૈલીની સાર્થકતા થતી લાગે છે.

**શ્રી રસિકલાલ પરીખે** ઈ. ૧૯૧૦ની ૧૬મી મેએ રાજપીપળાને પોતાનું જન્મસ્થાન બનાવ્યું. તેમના પિતા એ રાજ્યના ગામડામાં વસૂલાતી ખાતાના થાણદાર હતા.



બાળપણમાં ચિત્રકળાનો શોખ હતો, તેને યોગ્ય વિકાસ મળે એવા હેતુથી અંગ્રેજી પાંચમું ધોરણ ભણવું છોડી અમદાવાદ શ્રી રવિશંકર રાવળ પાસે આવ્યા. ત્રણેક વર્ષ બાદ સર ચિનુભાઈની સહાયથી મદ્રાસ, મુંબાઇ વગેરેની ચિત્રશાળાઓમાં થોડોથોડો અભ્યાસ કર્યો. ૧૯૩૨માં મુંબાઇની ચિત્ર-શાળામાં એક વર્ષ રહી, પહેલા નંબરે ડિપ્લોમા મેળવી, પુનઃ શ્રી રવિશંકર રાવળની ચિત્રશાળામાં સહાયક બન્યા. ૧૯૩૪ની સાલમાં મુંબાઈની આર્ટ સોસાએટીએ તેમને સર્વોત્તમ ચિત્ર માટે સુવર્ણચંદ્રક આપ્યો તેમજ તે ચિત્ર મુંબાઈના ચિત્રાલય માટે ખરીદાઇ ગયું. આજે તેઓ અમદાવાદમાં શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારમાં ચિત્રકલાના અધ્યાપક છે. ચિત્રકલામાં તેમની પાકી હથોટી તથા સુઘડ, સુરમ્ય ચિત્રાંકન વિદ્યાર્થીઓ તેમજ કલાકારોને મુગ્ધ કરે છે. સારાં ચિત્રાલયોમાં તેમનાં ચિત્રો આદર પામ્યાં છે. તેમની ૩૪ રંગીન તેમજ ૨૧ સાદી ચૂંટેલી કૃતિઓ અને જીવનપરિચય આપતો 'ચિત્રસાધના' નામનો ગ્રંથ પણ બહાર પડ્યો હતો, જે આજે અપ્રાપ્ય છે. ઇ. ૧૯૪૨નો રણજીતરામ સુવર્ણચન્દ્રક એમને એનાયત થયો હતો.

આ સંગ્રહમાંનું એમનું ચિત્ર છે **નવધાન્ય.** શ્રી રસિકલાલની લાક્ષણિક સુલલિત ચિત્રણા દર્શાવતા આ ચિત્રમાં તેમના વતન રાજપીપળાનાં ખેતરોમાં કામ કરતી એકાદ ભીલ કન્યાનું સ્મૃતિદર્શન છે. મહેનત-મજૂરી કરનાર માનવીઓમાં કળાકારો જે ચિત્રમયતા જુએ છે તે આજનાં શહેરોમાં તેમને ભાગ્યે જ જડે છે. સાંજને નમતે પહોરે માત્ર પોતાની મહેનતથી જ સંતુષ્ટ અને ગરીબ છતાં ગૌરવવંતી આ ગ્રામ નારી ઘર તરફ વળતી, કુદરતનાં ગીતે હૃદય રગાડતી, ભૂમિની પરમ શોભા બની રહી છે.

**શ્રી કનુ દેસાઈ:** ઈ. ૧૯૦૭ની ૧૨મી માર્ચે અમદાવાદમાં આ જગતની વસતિમાં પ્રવેશ કર્યો. અમદાવાદની પ્રોપ્રાએટરી હાઇસ્કૂલમાં હતા તે વખતે કુમાર કાર્યાલયમાં શ્રી રવિ-શંકર રાવળ પાસે ચિત્રકામના પ્રયોગો આદર્યા. ગુજરાત વિદ્યાપીઠમાં તેમને પોષણ ને ઉત્તેજન મળ્યા બાદ બે વર્ષ માટે સ્કૉલરશિપ લઇ



શાંતિનિકેતનમાં શ્રી નંદબાબુની પાસે વિશેષ તાલીમ લઈ પાછા આવી વિદ્યાપીઠમાં જ અધ્યાપક તરીકે જોડાયા. તેમનાં ચિત્રો અને કલ્પના-પૂર્ણ સુશોભનોથી તેમજ અવનવી નેપથ્યરચનાઓથી ઊગતી પ્રજામાં તેમને સન્માન અને ચોક્કસ સ્થાન મળ્યાં છે. તેમણે પોતે જ પોતાની કલાભાવના રજૂ કરતા ચિત્રગુચ્છો પ્રકટ કર્યા છે, ને દેશવિદેશના પત્ર-કારોએ તેમની યોગ્ય પ્રશંસા કરી કદર બતાવી છે. છાયાચિત્રની કલામાં તો સારા હિંદુસ્તાનમાં તેમનું સ્થાન પ્રથમ છે; અને યુગમૂર્તિ ગાંધીજીનાં તાદૃશ રેખાંકનોમાં કનુ દેસાઇ જ ઇતિહાસની શાખ પૂરશે. એમની ચિત્રમાળાઓ ભારતભરમાં લોકપ્રિય થઈ છે. ઈ.સ. ૧૯૩૮ના વર્ષનો ગુજરાતનો રણજીતરામ સુવર્ણચન્દ્રક એમને અર્પણ થયો હતો. એમની કલ્પના અને સંયોજક શક્તિએ ચિત્રપટના ક્ષેત્રમાં પણ એમને આગળપડતું

સ્થાન અપાવ્યું છે અને ચિત્રકારોના કલાદિગ્દર્શક તરીકે તેઓ હિંદના એક અગ્ર તારક ગણાય છે.

આ સંગ્રહમાં એમનું ચિત્ર છે **અર્જુન-ઉર્વશી.** છાયાચિત્રોનું સંવિધાન અનેક રંગોના ચિત્ર કરતાં વધુ તાલમયતા અને સૂચનશક્તિ માગે છે. ચિત્રની રંજકતા તેમાં ઘૂમતી રેખાવલિઓ અને આકારોના સમભાગ તોલન ઉપર જ અવલંબે છે. કાળા અને ધોળા સમુદાયો ચિત્રપટ ઉપર રેલાઈને એક બાજુ ઓજને વધારી ન દે તેમજ અનાકર્ષક ન બને એ તેનાં અગત્યનાં છંદપ્રાસ છે. આ ચિત્રમાં મૃદંગ પરની અંગુલિઓ જ બધી રેખાઓને કેન્દ્ર-પ્રસાર કરાવતી લાગે છે. ઉર્વશીનો હાથ તાલ ઉપર છે, પણ નજર અર્જુનની પદગતિ ઉપર છે; તો અર્જુન પોતાના કાન મૃદંગ તરફ ખેંચી રાખી ત્યાંથી આવતી લહરીઓ પ્રમાણે વાતાવરણ ઉછાળી રહ્યો દેખાય છે. ત્વરામય છતાં તાલબદ્ધતાભર્યું આ ચિત્ર ચક્ષુ સમીપ જાગૃતિનું વાતાવરણ રચે છે.

**શ્રી સોમાલાલ શાહ:** જ્ઞાતિથી ખડાયતા વણિક; મૂળ કપડવણજના વતની; જન્મ ત્યાં જ ૧૯૦૫ના



ફેબ્રુઆરીની ૧૪મી તારીખે. ઘરની સ્થિતિ આગળ બહુ ભણવાની સગવડ આપે તેવી નહિ હોવાથી અમદાવાદ ખડાયતા બોર્ડિંગમાંથી જ શાળાનો અંગ્રેજી અભ્યાસ મૂકયો. ચિત્રકળા તરફ સ્વાભાવિક વલણ હતું તેને અમદાવાદ કુમાર કાર્યાલયના પરિચયથી પોષણ મળ્યું અને પછી મુંબાઈ, વડોદરા, કલકત્તા વગેરે સ્થળે જઈ પોતાને અનુકૂળ પડે એ રીતે ચિત્રશૈલી જમાવી. તેમની કળા રંગ અને ભાવના તેમજ લાલિત્યની ચમકવાળી છે. ભાવનગરના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં ચિત્રાચાર્ય તરીકે ઘણાં વર્ષો સુધી કામ કર્યા બાદ હાલ તેઓ ત્યાંની સ્ટેટ હાઈસ્કૂલ તથા ઘરશાળામાં કામ કરે છે. 'રંગ અને રેખા' નામનો તેમનાં ચિત્રોનો સંગ્રહ બહાર પડ્યો છે. તેમનાં ચિત્રો ગુજરાતની કળાની શિષ્ટતામાં વધારો કરે છે. તેમના હાથ નીચે તૈયાર થઈ આગળ આવેલા બે તરુણ ચિત્રકારો ભાઈ વિનાયક પંડ્યા અને માર્કણ્ડ ભટ્ટ પૈકી શ્રી માર્કણ્ડ તો આજે વડોદરા યુનિવર્સિટીના કલાવિભાગના અધ્યક્ષ છે. ભાઈ સોમાલાલની કળા દેશવિદેશનાં પ્રદર્શનોમાં અનોખી છાપ પાડી શકી છે. ભારતના કેન્દ્રસ્થ રાષ્ટ્રીય ચિત્રાલય માટે પણ એમના ચિત્રને સ્થાન મળ્યું છે. ગુજરાતનો ઈ. ૧૯૪૯ માટેનો રણજીતરામ સુવર્ણચન્દ્રક એમને અપાયો છે.

અત્રે એમના ચિત્ર **કલાતંતુમાં,** વીણાના તારઝંકાર માત્રથી માનવી ને પ્રાણી વચ્ચે એકતાની લાગણી ઉત્પન્ન થતાં સ્નેહ ને માર્દવ, અનુકંપા ને સહાનુભૂતિના વિકંપો પ્રત્યક્ષ કરવામાં કલાકારે કેટલી સફળતા સાધી છે તે સંગીતરમણીની કોમળ અંગુલિઓ પર મુખ ધરી રહેલી હરિણી સાગે જોનારને પ્રત્યક્ષ થશે. સોમાલાલે જે અનોખી રંગાવટ અને રેખાલાલિત્ય પ્રાપ્ત કર્યાં છે તેની હિંદના ઘણા કલાપ્રેમીઓને મોહિની લાગી છે. નિગૂઢ ભાવગુંજન અને અસ્પષ્ટ છતાં મનોરમ લાગતી ઊર્મિલહરી એ તેમનાં ચિત્રોનાં પ્રધાન લક્ષણો છે.

**શ્રી છગનલાલ જાદવ:** ઈ. ૧૯૦૩માં જન્મેલા આ હરિજન યુવાને આજે ગાંધીયુગના પ્રભાવે પોતાની



જાતિ તેમજ શિક્ષણને અમર ગૌરવ અપાવ્યું છે. એક કાળે અમદાવાદની મ્યુનિસિપલ શાળામાં પ્રવેશનો અધિકાર નહિ મળવાથી નિરાશ થએલા આ તરુણે સાધનો, ખર્ચ, સહાય તેમજ સત્કારનો અભાવ ખૂબ વેઠ્યો છે. 'કુમાર' માસિક અને કનુ દેસાઈના સહવાસે તેમનો જીવનમાર્ગ પલટયો અને ચિત્રકામમાં પ્રવીણતા મેળવવા તેમણે શ્રી રવિશંકર રાવળના કલાગૃહમાં સ્થાન મેળવ્યું. ત્યાર પછી ઉત્તરોત્તર સુંદર વિકાસ સાધ્યો. ગુજરાત હરિજન સમિતિ તેમજ અખિલ ભારત હરિજન સંઘ તરફથી સહાય મળતાં લખનૌની કલાશાળામાં એક વર્ષ વિશેષ અભ્યાસ કરી આવીને નવા સંસ્કાર મેળવ્યા. તેમનાં ચિત્રો અભ્યાસ, મહેનત અને સુવાચ્યતાના નમૂના છે. સ્વભાવે તેમજ વર્તને એ શીલવંતા સુજન છે.

આ સંગ્રહમાં એમની કૃતિ છે **રંકની કલા**-કલામાત્રનું ઉદ્ભવસ્થાન હૃદય છે. હૃદયના સંસ્પર્શ વગરની કોઈ પણ કૃતિ કલાશ્રેણીમાં આવી શકે નહિ. પોતાનાં પ્રિયજનોના સંતોષ અથવા આનંદ ખાતર કે તેમનાં સુશોભનો ખાતર, જગતમાં કેટલા યે અનામી કલાકારોએ કલાસમૃદ્ધિ કેવી રીતે સરજી હશે તે સમજવું હોય તો ખોળામાં રમતા બાળક તરફ નજર નાખી હાથની આંગળીઓ પર તેનાં લાડ પૂરનારી આભલાભરી રંગીન ટોપીનો વિચાર કરો. બાળક કદાચ એ નહિ સમજે, પણ પોતાનો લાડીલો એ ટોપીથી શોભશે એ વિચારે માતાના મનમાં કેવી હેતભરી ઊર્મિઓ આ પળે જગાડી મૂકી હશે! કલાકારે રંક ઘરમાં પણ કલાની ગંગાનું પુનિત વાતાવરણ વહેતું દર્શાવી શ્રીમંતાઈની શોભાસમૃદ્ધિ પર અજબ કટાક્ષ કર્યો છે. કેટલી શ્રીમંત માતાઓ આ મહેનતમજૂરી પર રખડી ખાતી માતાની બરોબર પોતાનાં બાળકો માટે કલાપ્રસાદી તૈયાર કરાવી આપતી હશે? કામ–મજૂરી પૂરાં કર્યા પછી જે સ્વસ્થતાથી ગરીબ જનો પોતાના ઝૂંપડાને આંગણે પોતાની રાબની મિઠાશ માણતાં નજરે પડે છે તેનું આબેહૂબ પ્રતિબિંબ ભાઈ જાદવે આ ચિત્રમાં ઉતાર્યું છે. એક જ પાત્ર દોર્યું હોવા છતાં આખી જનતાનો ચિતાર એમણે એમાં રજૂ કર્યો છે.

પ્રકાશક· બચુભાઈ રાવત · કુમાર કાર્યાલય લિમિટેડ· ૧૪૫૪ રાયપુર· અમદાવાદ
મુદ્રકઃ બચુભાઇ રાવત· કુમાર પ્રિન્ટરી· ૧૪૫૪ રાયપુર· અમદાવાદ

# परिचयरेखा

## चित्रकारोनी अने अेमनां चित्रोनी

**શ્રી રવિશંકર રાવળ :** પિતાને રાજકોટમાં તારમાસ્તરની નોકરી હતી તે વેળા ઇ. ૧૮૯૨માં જન્મ થયો.



કળા અને કલ્પના માટે માતાને આભારી છે, સંસ્કાર અને સદાગ્રહ પિતાનો વારસો છે. ૧૯૧૦-૧૧માં ભાવનગરમાં મૅટ્રિકનું ધોરણ પસાર કરી ૧૯૧૧-૧૨માં મુંબાઈની સરકારી આર્ટ સ્કૂલમાં મિ. સેસિલ બર્ન્સ પાસે ચિત્રકળાનો અભ્યાસ કર્યો. ૧૯૧૫માં એ શાળાનો મેયો મેડલ લઇ ડિપ્લોમા લીધો. ૧૯૧૭માં મુંબાઈ આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં સર્વોત્તમ ચિત્રકૃતિ માટે સુવર્ણચંદ્રક મળ્યો. કળાની ઉત્ક્રાંતિ અને સેવા કરવાની ધગશ પ્રથમથી જ હોવા છતાં થોડાં વર્ષો 'વીસમી સદી' તથા બીજાં પત્રો માટેનાં આલેખનો કરી ગુજરાન ચલાવ્યું. ૧૯૨૦માં અમદાવાદમાં નિવાસ કર્યો. ૧૯૨૩માં કુમાર કાર્યાલય સ્થાપી 'કુમાર' માસિક દ્વારા તરુણો માટે કલા, સંસ્કાર અને સાહિત્યનો પ્રચાર આદર્યો. ૧૯૨૬માં ઔંધ નરેશના આશ્રયે અજન્તાનો એક માસ સંપર્ક સાધ્યો અને એ કલાની શીઘ્ર દીક્ષા લીધી. ગુજરાતની સંસ્કારવિશેષતામાં ફાળો આપનાર તરીકેનો ઈ. ૧૯૩૦નો રણજીતરામ સુવર્ણચન્દ્રક મળ્યો. ૧૯૩૬માં જાપાનનો પ્રવાસ કરી ત્યાંનાં કલાજીવન અને કલાશિક્ષણનું નિરીક્ષણ કર્યું અને ત્યાંના સમાજનો પ્રત્યક્ષ પરિચય મેળવ્યો. ૧૯૪૧ના ઑક્ટોબરમાં કલકત્તા સુધી પ્રવાસ કરી ઉત્તર હિંદનાં કલાકેન્દ્રો અને જીવંત પ્રસિદ્ધ કલાકારોને મળી કલાશિક્ષા વિષે વિચારવિનિમય કર્યો. તેમના હાથ નીચે ગુજરાતના તરુણ ચિત્રકારો ક્રમશઃ તૈયાર થતા આવ્યા છે, તેમાં કનુ દેસાઈ, કૃષ્ણલાલ ભટ્ટ, રસિકલાલ પરીખ, યજ્ઞેશ્વર શુકલ, છગનલાલ જાદવ, જગમોહન મિસ્ત્રી, ત્રિગુણાતીત પંચોલી, ભીખુભાઇ આચાર્ય, ચન્દ્રકાન્ત ત્રિવેદી, સરિતાબેન નાણાવટી, વ્રજલાલ ત્રિવેદી, ચન્દ્રશંકર રાવળ વગેરે આગળપડતું જૂથ છે. ઈ. ૧૯૪૩માં 'કુમાર' કાર્યાલયને એક લિમિટેડ કંપની બનાવી નિવૃત્તિ લીધી અને દેશની વિવિધ કલાપ્રવૃત્તિઓ તથા સમિતિઓને વખતોવખત સેવા આપતા રહ્યા છે. કલાનાં કેટલાંક પ્રકાશનો પણ કર્યાં છે. દિલ્હીની 'અખિલ ભારતીય કલાસમિતિ'ના, મુંબાઇ સરકારની કલાનિર્દેશક સમિતિ (આર્ટ ઍડવાઈઝરી બોર્ડ) ના તથા વડોદરા યુનિવર્સિટી સેનેટના આર્ટ ફેકલ્ટી માટેના સભ્ય છે.

આ સંગ્રહમાંનું એમનું ચિત્ર 'કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય' પાટણમાં ઈ. ૧૯૩૯માં ઊજવાએલા હૈમ-સારસ્વત-સત્રની સ્મૃતિમાં તૈયાર થયું હતું. તેનું પાત્ર કલ્પસૂત્રોમાં મળી આવતાં ચિત્રો અને જૈન ઉપાશ્રયોનું વાતાવરણ જોઇને ઉપજાવેલું છે. અહીં કલાકારે આચાર્યશ્રીને તેમના અભ્યાસરત જીવનમાં આલેખ્યા છે. તેઓ બોલતા જાય છે તેમ એક શિષ્ય લખતો જાય છે. બીજો શિષ્ય તૈયાર ગ્રંથોની ગોઠવણમાં છે. પાસે ખાલી પડેલું રાજસિંહાસન સૂચવે છે કે આ સ્થળે વખતોવખત મહારાજા કુમારપાળ શિષ્યભાવે વિરાજતા હશે.

**શ્રી કનુ દેસાઈ:** ઈ. ૧૯૦૭ની ૧૨મી માર્ચે અમદાવાદમાં આ જગતની વસતિમાં પ્રવેશ કર્યો. અમદાવાદની પ્રોપ્રાએટરી હાઇસ્કૂલમાં હતા તે વખતે કુમાર કાર્યાલયમાં શ્રી રવિશંકર રાવળ પાસે ચિત્રકામના પ્રયોગો આદર્યા. ગુજરાત વિદ્યાપીઠમાં તેમને પોષણ ને ઉત્તેજન મળ્યા બાદ બે વર્ષ માટે સ્કૉલરશિપ લઇ શાંતિનિકેતનમાં શ્રી નંદબાબુની પાસે વિશેષ તાલીમ લઈ પાછા આવી વિદ્યાપીઠમાં જ અધ્યાપક તરીકે જોડાયા. તેમનાં ચિત્રો અને કલ્પનાપૂર્ણ સુશોભનોથી તેમજ અવનવી નેપથ્યરચનાઓથી ઊગતી પ્રજામાં તેમને સન્માન અને ચોક્કસ સ્થાન મળ્યાં છે. તેમણે પોતે જ પોતાની કલાભાવના રજૂ કરતા ચિત્રગુચ્છો પ્રકટ કર્યા છે, ને દેશવિદેશના પત્રકારોએ તેમની યોગ્ય પ્રશંસા કરી કદર બતાવી છે. છાયાચિત્રની કલામાં તો સારા હિંદુસ્તાનમાં તેમનું સ્થાન પ્રથમ છે; અને યુગમૂર્તિ ગાંધીજીનાં તાદૃશ રેખાંકનોમાં કનુ દેસાઇ જ ઇતિહાસની શાખ પૂરશે. એમની ચિત્રમાળાઓ ભારતભરમાં લોકપ્રિય થઈ છે. અને ૧૯૩૮ના વર્ષનો રણજીતરામ સુવર્ણ ચન્દ્રક એમને અર્પણ થયો હતો. એમની કલ્પના અને સંયોજક શક્તિએ ચિત્રપટના ક્ષેત્રમાં પણ એમને આગળપડતું સ્થાન અપાવ્યું છે અને ચિત્રપટોના કલાદિગ્દર્શક તરીકે તેઓ હિંદના એક અગ્ર તારક ગણાય છે.



આ સંગ્રહમાં એમનું ચિત્ર છે 'પ્રતીક'. કનુ દેસાઈના કેટલાક ચિત્રપ્રસંગોમાં મનોહર ભાવોનું ગુંજન કોઈ જુદી રીતે થાય છે. અહીં યમુનાતીરે સ્નેહવાર્તા કરતાં રાધાકૃષ્ણ પીઠથી દર્શન આપતાં છતાં ચિત્રનાં એકાંત અને મધુરતા ઓછાં થતાં નથી. રાધાના હાથમાં કૃષ્ણમુકુટનું મોરપિચ્છ આવી ગયું છે તે આ પ્રસંગની યાદગીરી તરીકે રાખવા ઇચ્છતી હોય તેવું જણાય છે. એ બંનેની ગોઠડીનો ધ્વનિ એક ડાળી પર બેઠેલા પક્ષીયુગલમાં પહોંચ્યો જણાય છે. ઓછામાં ઓછી પણ સૂચક દૃશ્યસામગ્રી હોવાથી ચિત્રમાં વિસ્તારવંતા વાતાવરણનું ભાન થાય છે અને બીજી વિગતોની અપેક્ષા રહેતી નથી. કનુ દેસાઈનું એ લાક્ષણિક કલાવિધાન છે. જાપાન અને હિંદનાં કલાતત્ત્વોનું એમાં સુભગ મિશ્રણ છે.

**શ્રી જગન્નાથ અહિવાસી:** સં. ૧૯૫૪ના આષાઢ વદિ ત્રીજના દિવસે તેમનો જન્મ ગોકુળ પાસે બળદેવ મુકામે થયો. તેમના પિતા મુરલીધરજી પોરબંદરમાં વૈષ્ણવ હવેલીના કીર્તનકાર હતા, એટલે બાળક જગન્નાથનું વય ત્રણ માસનું હતું ત્યારથી તે કાઠિયાવાડના સંસ્કારમાં ઊછર્યા છે. તેમની ચાર વર્ષની ઉંમરે માતાનું સુખ ગયું, પણ પિતાની છાયામાં ભક્તિ અને નમ્રતાના ઉમદા સંસ્કાર પામ્યા. અભ્યાસ અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનો જ થયો, પરંતુ પોરબંદરના અનુભવી ચિત્રશિક્ષક શ્રી માલદેવ રાણા પાસે ચિત્રની પ્રાથમિક ભૂમિકા સારી કરી બતાવી. ઘરની સ્થિતિ કઠણ હોવા છતાં મુસીબત વેઠીને પણ તે મુંબાઈ ગયા. ત્યાં ઠાકુરદ્વાર પર શ્રી કેતકરની ચિત્રશાળામાં અભ્યાસ વધાર્યો અને અંતે સરકારી સ્કૂલ ઑવ આર્ટમાં ડિપ્લોમા કોર્સ પૂરો કર્યો. તેની છેલ્લી પરીક્ષામાં કરેલા 'વર્ષાનું આગમન' નામના ચિત્ર માટે તેમને સુવર્ણચન્દ્રક મળ્યો. આ ચંદ્રક લેનાર તે એકલા જ પ્રતિભાશાળી વિદ્યાર્થી હતા. તે સમયના પ્રિન્સિપાલ મિ. સૉલૉમને તેમને શાળામાં ચિત્રશિક્ષક તરીકે ખેંચી લીધા અને તેમના હાથ નીચે હિંદી પ્રણાલીએ ચિત્રકામ કરનારા વિદ્યાર્થીઓનો ખાસ વર્ગ ખોલ્યો. મુંબાઇની ચિત્રશાળામાં હિંદી ચિત્રકળાશિક્ષણનો એ સૌ પહેલો પ્રબંધ થયો ગણાય. ત્યાં શ્રી અહિવાસીએ પોતાની ફરજ એક ઉત્તમ શિક્ષકને છાજે એવી રીતે બજાવી છે અને અનેક વિદ્યાર્થીઓને પૂર્ણ ભાવથી તૈયાર કર્યા છે. એ ઉપરાંત તેમણે દિલ્હીના સરકારી મહાલયોનાં મોટાં ભીંતચિત્રોમાં બહુ અગ્ર ભાગ લઈને સુંદર ચિત્રનિર્માણ કર્યું છે. તેમની ચિત્રણામાં હિંદી કળાનું લાલિત્ય અને કાવ્યમયતા સારા પ્રમાણમાં પ્રગટ થયાં છે અને કળાના ક્ષેત્રમાં તેમણે અનન્ય



સ્થાન સિદ્ધ કર્યું છે. ઇંગ્લંડનાં પ્રદર્શનોમાં પણ તેમની કળાની યોગ્ય સ્તુતિ થઇ છે. મુંબાઇમાં એ એક જ એવા ચિત્રકાર છે કે જે ચુસ્તપણે પોતે પસંદ કરેલા માર્ગને પકડી વિકાસ ને શક્તિ જમાવી શક્યા છે.

આ સંગ્રહમાંનું એમનું ચિત્ર 'વાસંતી' એમની પીંછી અને કલ્પનાના એક સુંદર દૃષ્ટાંત રૂપ છે. તેમાં એમણે હિંદી કળાની બધી રૂઢિઓનો સાર્થ ઉપયોગ કરી બતાવ્યો છે. કમળખીલ્યા જલાશયના આરસબાંધ્યા ઘાટ પર રસિક સુંદરીનો કલાશિબિર કાષ્ટ અને ચિત્રકામની આકર્ષક કૃતિ છે. મધ્યકાળનો ગૃહસ્થી વૈભવ એમાં નજરે પડે છે. સુસંસ્કૃત કુલીન સન્નારી સાહિત્ય સંગીત અને કલાનાં સાજ લઈ મોગરાનાં ફૂલની માળા તૈયાર રાખી પોતાના જીવનસાથીની ઇંતેજારી કરી રહી છે. ઉપર ફૂલની સેરો ઝૂલી રહી છે અને પોપટોનાં વૃંદ હતા ગજવી રહ્યાં છે. આનંદ અને કૌતુકભર્યું આ ચિત્ર નેત્રને આરામ અર્પે છે.

**શ્રી રસિકલાલ પરીખે** ઈ. ૧૯૧૦ની ૧૬મી મેએ રાજપીપળાને પોતાનું જન્મસ્થાન બનાવ્યું. તેમના પિતા એ રાજ્યના ગામડામાં વસૂલાતી ખાતાના થાણદાર હતા. બાળપણમાં ચિત્રકળાનો શોખ હતો, તેને યોગ્ય વિકાસ મળે એવા હેતુથી અંગ્રેજી પાંચમું ધોરણ ભણવું છોડી અમદાવાદ શ્રી રવિશંકર રાવળ પાસે આવ્યા. ત્રણેક વર્ષ બાદ સર ચિનુભાઇની સહાયથી મદ્રાસ, મુંબાઇ વગેરેની ચિત્રશાળાઓમાં થોડોથોડો અભ્યાસ કર્યો. ૧૯૩૨માં મુંબાઇની ચિત્રશાળામાં એક વર્ષ રહી, પહેલા નંબરે ડિપ્લોમા મેળવી, પુનઃ શ્રી રવિશંકર રાવળની ચિત્રશાળામાં સહાયક બન્યા. ૧૯૩૪ની સાલમાં મુંબાઈની આર્ટ સોસાએટીએ તેમને સર્વોત્તમ ચિત્ર માટે સુવર્ણચંદ્રક આપ્યો તેમજ તે ચિત્ર મુંબાઈના ચિત્રાલય માટે ખરીદાઇ ગયું. આજે તેઓ અમદાવાદમાં શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારમાં ચિત્રકલાના અધ્યાપક છે. ચિત્રકલામાં તેમની પાકી હથોટી તથા સુઘડ, સુરમ્ય ચિત્રાંકન વિદ્યાર્થીઓ તેમજ કલાકારોને મુગ્ધ કરે છે. સારાં ચિત્રાલયોમાં તેમનાં ચિત્રો આદર પામ્યાં છે. તેમની ૩૪ રંગીન તેમજ ૨૧ સાદી ચૂંટેલી કૃતિઓ અને જીવનપરિચય આપતો 'ચિત્રસાધના' નામનો ગ્રંથ પણ બહાર પડ્યો હતો, જે આજે અપ્રાપ્ય છે. ઇ. ૧૯૪૨નો રણજીતરામ સુવર્ણચન્દ્રક એમને એનાયત થયો હતો.



'ઝરૂખે': સુઘડ સ્વચ્છ રેખાટણી અને રંગાટની સાથે પદાર્થોનાં સહજ સુંદર સ્વરૂપો વડે રચાએલા હિંદી વાતાવરણમાં, આ સાદાં વસ્ત્રોમાં ઝરૂખે ગિરાજેલી સુંદરી ગૃહસ્થજીવનની સૌભાગ્યપ્રતિમા લાગે છે. ગળાના અને હાથના અલંકારો, બારીનો પડદો આદિ ચિત્રકારની સુરેખ કલાની સાક્ષી પૂરે છે.

**શ્રી છગનલાલ જાદવ:** ઈ. ૧૯૦૩માં જન્મેલા આ હરિજન યુવાને આજે ગાંધીયુગના પ્રભાવે પોતાની જાતિ તેમજ શિક્ષણને અમર ગૌરવ અપાવ્યું છે. એક કાળે અમદાવાદની મ્યુનિસિપલ શાળામાં પ્રવેશનો અધિકાર નહિ મળવાથી નિરાશ થએલા આ તરુણે સાધનો, ખર્ચ, સહાય તેમજ સત્કારનો અભાવ ખૂબ વેઠ્યો છે. 'કુમાર' માસિક અને કનુ દેસાઈના સહવાસે તેમનો જીવનમાર્ગ પલટ્યો અને ચિત્રકામમાં પ્રવીણતા મેળવવા તેમણે શ્રી રવિશંકર રાવળના કલાગૃહમાં સ્થાન મેળવ્યું. ત્યાર પછી ઉત્તરોત્તર સુંદર વિકાસ સાધ્યો. ગુજરાત હરિજન સમિતિ તેમજ અખિલ ભારત હરિજન સંઘ તરફથી સહાય મળતાં લખનૌની કલાશાળામાં એક વર્ષ વિશેષ અભ્યાસ કરી આવીને નવા સંસ્કાર મેળવ્યા. તેમનાં ચિત્રો અભ્યાસ, મહેનત અને સુવાચ્યતાના નમૂના છે. સ્વભાવે તેમજ વર્તને એ શીલવંતા સુજન છે.



આ સંગ્રહમાં એમની કૃતિ છે **'પીરની માનતા'**. બાળકનું કલ્યાણ એ જગતની માતાઓનો અહોરાત્ર જપ છે. પોતાના બાળકની પીડા–આપદાઓના નિવારણ માટે દિનરાત દવા અને તકલીફનું સાધન કર્યાં છતાં દૈવી મદદ અને આશિષની ઇચ્છા સમગ્ર સંસારમાં છે. આ ચિત્રમાં રંક મુસ્લિમ ઘરની સ્ત્રીઓ બાળકને બક્ષાએલી જિંદગી કે આરોગ્ય બદલ માનતા પૂરી કરવા કોઇ એકાંત કબર પર ચાદર ઓઢાડે છે ને બાળકની રક્ષા એ અદૃષ્ટ સત્ત્વને ભળાવે છે.

**શ્રી ત્રિગુણાતીત પંચોળી:** ઈ. ૧૯૧૮માં ઉત્તર ગુજરાતના વડોદરા સ્ટેટ તાબાના વસઇ ગામમાં સંસ્કૃત વિદ્વાન અને પુરાણવેત્તા પિતાને ઘેર એમનો જન્મ થયો. તેમના પિતા માણસામાં દરબારી શાસ્ત્રી હતા. મોટા ભાઇનો ચિત્રપ્રેમ જોઇને તેમને સંસ્કાર પડયા. રંગો માટે નાનપણમાં ઘણું આકર્ષણ થતું. મોટા ભાઈ મૅટ્રિકનો અભ્યાસ કરતાં બીમાર થઇ ગુજરી ગયા એટલે અંગ્રેજી ભણવાનો વહેમ લાવી ત્રિગુણાતીતને ચોથા ધોરણથી માતાપિતાએ શાળા છોડાવી; પણ સંસ્કૃત ભણવા ઉપર તેને પ્રેમ ન થયો અને ચિત્ર તરફ ખેંચાણ વધતું જ ગયું. શ્રી રવિશંકર રાવળનું 'કુમાર' વાંચી તેના સર્જકની પાસે જવા ગામ છોડી અમદાવાદ પહોંચી ગયા અને ૧૯૩૫માં એમની ગુજરાત કલાસંઘ ચિત્રશાળાના વિદ્યાર્થી તરીકે જોડાયા. ત્યાર પછી તેમની પ્રગતિ એકસરખી ચાલુ રહી. ૧૯૩૬ના ગુજરાતી સાહિત્ય સંમેલનના કળા-



પ્રદર્શનમાંથી તેમનું 'ભૂતકાળનાં ગીતો' નામનું ચિત્ર શ્રી એસ. એલ. પોલાક ઇંગ્લંડ લઈ ગયા ત્યાં તે બહુ પ્રશંસા પામ્યું. શરીરસંપત્તિ ઉપર અનેક ઘા પડવા છતાં તેમણે કલાકાર તરીકે કારકિર્દી પ્રાપ્ત કરી છે. આજે તેઓ અમદાવાદની અગ્રણી શિશુશાળા 'શ્રેયસ્'માં કામ કરે છે.

તેમનું આ સાથે આપેલું **'ચંદ્રહાસ'**નું ચિત્ર દિલ્હીના પ્રદર્શનમાંથી શ્રીમાન પાલીતાણા નરેશે પોતાના મહાલય માટે રાખી તેમના કામને યશ અપાવ્યો છે. આ ચિત્રમાં મનોહર વાતાવરણ સાથે સુલલિત રેખાંકનોમાં આલેખાએલી અનેક વનસ્પતિઓમાં અને પાત્રોમાં કથાને યોગ્ય રંગવૈવિધ્ય પણ છે. ચંદ્રહાસ ભાવિનો દોરાયો પોતાનો મૃત્યુસંદેશ લઇને નીકળ્યો છે, પણ શહેર બહારના ઉદ્યાનમાં પ્રધાનપુત્રી તે ગુપ્ત રીતે વાંચી લે છે અને આવા સુલક્ષણવાન પુરુષને બચાવી લેવા સંદેશો બદલી નાખે છે, જેને પરિણામે 'આ તો આપણી પુત્રી માટે શોધી મોકલેલ યોગ્ય વર છે' એવું સમજાઇને એ જ કુમારી સાથે તેનું લગ્ન થઇ જાય છે અને તેનો ઘાત ઇચ્છનારને પસ્તાવું પડે છે.

પ્રકાશક • બચુભાઈ રાવત • કુમાર કાર્યાલય લિમિટેડ • ૧૪૫૪ રાયપુર • અમદાવાદ
મુદ્રક: બચુભાઇ રાવત • કુમાર પ્રિન્ટરી • ૧૪૫૪ રાયપુર • અમદાવાદ




10680

अर्जुन-उर्वशी (कनु देसाई)

COPYRIGHT

Arjuna & Urvashi *(Kanu Desai)*



10680

रंकनी कला (छगनलाल जादव)


COPYRIGHT

Gypsy Mother *(Chhaganlal Jadav)*



कलातंतु (सोमालाल शाह) Bond of Art (*Somalal Shah*)

COPYRIGHT



राजकुंवरी रूपांदे (रविशंकर रावल)

COPYRIGHT

The Sleeping Beauty *(R.M. Raval)*



जीवनसंगीत (रविशंकर रावल) COPYRIGHT Symphony of Life *(R. M. Raval)*

VG 759.954311R
Guj
10680
AUTHOR
TITLE Gujarat kala kalap
pt. 1
DATE DUE
BORROWER'S

VG 759.954311
Guj
10680

મુદ્રક : બચુભાઈ રાવત · કુમાર પ્રિન્ટરી · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ